Presented on : 23-04-2025
Registered on : 23-04-2025
Decided on : 07-04-2026
Duration : 0 y, 11 m, 14 d.

GJKH120003472025

**આંક:–**

## (૧) ફોર્મ – એ

| |
|---|
| **ડાકોરના મહેરબાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ,ડાકોર**<br>**નરેન્દ્ર કુમાર જોષી**<br>જજમેન્ટની તારીખ : ૦૭/૦૪/૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૨૭૮/૨૦૨૫<br>ડાકોર પો.સ્ટે.સે.ગુન્હા રજી.નં.૧૧૨૦૪૦૨૧૨૪૦૬૦૯/૨૦૨૪ |
| **ફરીયાદી :** સરકારશ્રી, |
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.**શ્રી એમ.એમ.ઝાલા |
| **આરોપી:** સોરનસિંગ કનૈયાલાલ સિકલીગર,<br>ઉ.વ.૩૯,ધંધો.ભુંડ પકડવાનો,<br>રહે.વણઝારા,ગ્રાઉન્ડ,સરદારભવન પાસે,<br>નડીયાદ,જી.ખેડા. |
| **આરોપીપક્ષે વિ.વ.શ્રી** વી.એ.રાઠોડ. |

## (૨) ફોર્મ : બી

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | 25–11–2024 |
| એફ.આઈ.આર.ની તારીખ : | 26–11–2024 |
| ચાર્જશીટની તારીખ : | 23–04–2025 |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | 21–08–2025 |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | 09–09–2025 |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | 07–04–2026 |
| જજમેન્ટની તારીખ : | 07–04–2026 |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | – |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી /નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી. આર.પી. સી.૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સોરનસિંગ કનૈયાલાલ સિકલીગર, | – | – | બી.એન. એસ.કલમ– ૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧ (૨),૫૪ જી.પી. એક્ટ–૧૩૫ મુજબ, | નિર્દોષ | – | – |

**<u>(૩) ફોર્મ : સી</u>**

**<u>ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગત :</u>**

**<u>A : ફરીયાદપક્ષ</u>**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 | બડીબાઈ રાજેન્દ્રસીહ સીકલકર(સરદારજી) | ફરીયાદી (આંક–૧૦) |
| PW-2 | રાજેન્દ્રસીહ કિશનસીંહ સીકલકર(સરદારજી) | સાહેદ (આંક–૧૨) |
| PW-3 | રણવીરસીંગ રાજેન્દ્રસીહ સીકલકર(સરદારજી) | સાહેદ(આંક–૧૩) |

**<u>B : બચાવપક્ષ</u>**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW-1 | નીલ | નીલ |

**<u>C : કોર્ટ સાક્ષી</u>**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | નીલ | નીલ |

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે રેકર્ડે આવેલ દસ્તાવેજની વિગત :

**A : ફરીયાદપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | આંક–P11/PW-1 | ફરીયાદ |
| 2 | આંક–P14/PW | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 3 | આંક–P15/PW | મુદામાલનુ પંચનામુ |
| 4 | આંક–P16/PW | રાજુભાઈ કિશનભાઈ કલાણીનું મેડીકલ સર્ટીફીકેટ. |
| 5 | આંક–P17/PW | રાજુભાઇ કિશનસીંહ(સરદારજી)નું મેડી. સર્ટીફીકેટ. |
| 6 | આંક–P18/PW | જિલ્લા મેજી.સાહેબશ્રી ખેડા–નડીયાદનાઓનું જાહેરનામું |
| 7 | આંક–P19/PW-1 | કલોઝિંગ પુરસીસ |

**B : બચાવપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**C : કોર્ટ દસ્તાવેજ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**–: ઠ રા વ :–**

(૪) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૫/૧૧/૨૦૨૪ નારોજ સાંજના આશરે ચારેક વાગ્યાના સુમારે મોજે.ડાકોર રાધે હોસ્પીટલની સામે કોલમ–૦૧ માં જણાવેલ આરોપી તથા કોલામ નં.૨માં જણાવેલ કા.સ.બા. આ કામના ફરીયાદી ના સાહેદ રણવીરસિંગનાઓ જોરાબંધ મુકામે ભુંડ પકડવા જતા આ કામના આરોપી તથા કા.સ.બા સાથે ભુંડ પકડવા બાબતે બોલાચાલી થતા ફરીયાદી ના સાહેદ રણવિરસીંગ તેઓના ઘરે ડાકોર મુકામે આવતા રહેતા તેઓના વચ્ચે

થયેલ બોલાચાલીની રીશ રાખીને કોલમ નં.૧ માં જણાવેલ આરોપી તથા કોલમ નં.ર માં જણાવેલ કા.સ.બા.એ ફરીયાદીના ઘરે આવી ગમેતેમ ગાળો બોલી ફરીયાદીના સાહેદ રાજેન્દ્રસીંગ કિશનસીંગ સરદારજીને કોલમ નં.૧માં જણાવેલ આરોપીએ લોખંડની પાઈપથી શરીરે માર મારી તથા તેઓને છોડાવવા માટે સાહેદ રણવિરસીંગ વચ્ચે પડતા કોલમ નં.રમાં જણાવેલ કા.સ.બાએ સાહેદ રણવીરસિંગને ગડદાપાટુનો માર મારી ફરીયાદી સાહેદોને જાનથી મારી નાં ખવાની ધમકીઓ આપી,ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી, મહે. જિલ્લા મેજી.સાહેબશ્રી ખેડા–નડીયાદ નાઓ ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યો, ઉપરોકત હકીકતે ફરીયાદીએ ડાકોર પો.સ્ટે.સે.ગુન્હારજી.નં.૧૧ ૨૦૪૦૨૧૨૪૦૬૦૯/૨૦૨૪ થી ગુન્હો રજીસ્ટર થયા બાદ આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ અત્રેની અદાલતમાં બી. એન. એસ. કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪, જી.પી.એકટ – ૧૩૫, મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલુ છે.

(૫) આ કામે આરોપીને સમન્સ બજતાં હાજર થતાં તેમને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ ગુન્હાં સબંધી આરોપી સામે **આંક–૦૪** થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ **આંક–૦૫ થી** આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે જેમાં આરોપીએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ શરુ કરવામાં આવેલ છે.

(૬) ત્યાર બાદ આ કામે ફરીયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. તેમજ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આરોપીનું કોઈ નિવેદન નોધવા લાયક પુરાવો જણાય ન આવતા આરોપીનું વિશેષ નીવેદન નોધવામાં આવેલ નથી.

(૭) ત્યાર બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.એમ.ઝાલા તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી તેમજ આ કામે કોઈ પણ પક્ષ ધ્વારા લેખિત દલીલ રજૂ રાખવામાં આવેલ નથી તથા આ કામનો પુરાવો તથા રેકર્ડ વંચાણે લીધુ.

(૮) આમ, આ કામે સદર કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુ દ્દા ઓ :-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ તા.૨૫/૧૧/૨૦૨૪ નારોજ સાંજના આશરે ચારેક વાગ્યાના સુમારે મોજે.ડાકોર રાધે હોસ્પીટલની સામે કોલમ-૦૧ માં જણાવેલ આરોપી તથા કોલામ નં.૨માં જણાવેલ કા.સ.બા.આ કામના ફરીયાદીના સાહેદ રણવીરસિંગનાઓ જોરાબંધ મુકામે ભુંડ પકડવા જતા આ કામના આરોપી તથા કા.સ.બા સાથે ભુંડ પકડવા બાબતે બોલાચાલી થતા ફરીયાદીના સાહેદ રણવિરસીંગ તેઓના ઘરે ડાકોર મુકામે આવતા રહેતા તેઓના વચ્ચે થયેલ બોલાચાલીની રીશ રાખીને કોલમ નં.૧ માં જણાવેલ આરોપી તથા કોલમ નં.૨ માં જણાવેલ કા.સ.બા.એ ફરીયાદીના ઘરે આવી ગમેતેમ ગાળો બોલી ફરીયાદી ના સાહેદ રાજેન્દ્રસીંગ કિશનસીંગ સરદારજીને કોલમ નં.૧માં જણાવેલ આરોપીએ લોખંડની પાઈપથી શરીરે માર મારી તથા તેઓને છોડાવવા માટે સાહેદ રણવિરસીંગ વચ્ચે પડતા કોલમ નં.૨માં જણાવેલ કા.સ.બાએ સાહેદ રણવીરસિંગને ગડદાપાટુનો માર મારી ફરીયાદી સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી,ગુન્હો કરવામાં

(નરેન્દ્ર કુમાર જોષી)
UIC No.01454

એકબીજાએ મદદગારી કરી,મહે.જિલ્લા મેજી.સાહેબશ્રી ખેડા–નડીયાદનાઓના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કરવામાં એકબીજા એ મદદગારી કરી, ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, બી.એન. એસ. કલમ–૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટ કલમ– ૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નંબરઃ–૧ નકારમાં.

મુદ્દા નંબરઃ–૨ આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોઈએ તો ફરીયાદી બડીબાઈ રાજેન્દ્રસીંહ સીકલકરને **આંક–૧૦** થી તપાસવામાં આવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, દોઢ એક વર્ષ અગાઉ બનાવ બનેલ. સાંજના સમયે હુ મારા ઘરે હતી ત્યારે મારો દિકરો જોરાબંધ નજીકમાં ભુંડ પકડવા માટે ગયેલ અને ત્યા તેઓને ભુંડ પકડવા બાબતે સોરણસીંગ તથા રાજા તથા કરણસીંગની સાથે બોલાચાલી થતા મારો દિકરો અમારા ઘરે આવેલ અને અમોને વાત કરતા અમોને ખબર પડેલ ત્યારબાદ થોડીવારમાં સોરણસીંગ તથા રાજા તથા કરણસીંગ ઈકો ગાડી લઈને અમારા ઘરે આવેલ અને જોરાબંધ અમારો વિસ્તાર છે તે બાજુ ભુંડ પકડવા આવતા નહી તેમ કહેતા મારા પતિએ તેઓને તે બાબતે વાત કરતા તેઓની સાથે બોલાચાલી થયેલી અને બોલાચાલી વધી જતા ઘણા બધા લોકોનુ ટોળુ ભેગુ થઇ જતા ધક્કામુક્કી થતા પડી જવાથી મારા પતિને તથા મારા દિકરાને વાગેલ જેથી તેઓને ડાકોર સરકારી દવાખાનામાં સારવાર કરાવેલી. ત્યારબાદ વધુ સારવાર અર્થે નડીયાદ સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલ. આ કામના આરોપીઓ વિરુદ્ધ આવેશમાં આવી મે ફરીયાદ આપેલ. જે ફરીયાદ તેમને બતાવવામાં આવે છે. જેમાં

તેમના અંગુઠાનુ નિસાન છે. જે ઓળખી બતાવેલ છે જે **આંક—૧૧** થી રજુ છે. આ સિવાય બીજુ કંઇ બનેલ નહી.આ કામના આરોપી ઓને જોયે ઓળખુ છુ. સદર સાહેદ ફરીયાદની વિગત હકીકતને સમર્થન કરતા ના હોય ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદની થયેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષ ને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી.

સદર ફરીયાદીની બચાવ પક્ષે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે આ કામના આરોપી મારા સગા થતા હોય બનાવ અગાઉથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ આજુબાજુ બીજા ઘણા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી. એ વાત ખરી છે કે આરોપીએ કોઇ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આરોપીના હાથમા કોઈ હથિયાર જોયેલ નહી. એ વાત ખરી છે કે આરોપીએ કોઈ હથિયારથી ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી.

આમ, આ સાહેદની જુબાની જોવામાં આવે તો સમગ્ર જુબાની દરમ્યાન હાલના આરોપીઓએ ફરીયાદી તેમજ સાહેદોને કોઈ ઈજા કરેલ હોય તે બાબતે કોઈ હીકકત જણાવેલ નથી તેમજ સદર સાહેદએ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી. એ વાત ખરી છે કે આરોપીએ કોઇ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આરોપીના હાથમા કોઈ હથિયાર જોયેલ નહી. એ વાત ખરી છે કે આરોપીએ કોઈ હથિયાર થી ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી.ત્યારે ઉપરોકત કારણોસર સાહેદની જુબાનીથી ફરીયાદ હકીકત ને પુરતુ સમર્થન મળી શકે છે તેમ માની શકાય નહી.

**(૧૧)** આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોઈએ તો **આંક–૧૨** થી સાહેદ રાજેન્દ્ર સીંહ કિશનસીંહ સીકલકશ્ર(સરદારજી)નાઓએ તેમજ **આંક–૧૩** થી સાહેદ રણવીર સીંગ રાજેન્દ્ર સીહ સીકલકર(સરદારજી)નાઓએ સોગંદ પર જુબાની આપેલ છે. સદર સાહેદોની જુબાની ધ્યાને લેતા ફરીયાદની વિગત હકીકતને સમર્થન કરતા ના હોય ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા બન્ને સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે.ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદોની થયેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી.

સદર સાહેદોની બચાવ પક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, આ કામના આરોપી મારા સગા થતા હોય બનાવ અગાઉથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ આજુબાજુ બીજા ઘણા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી. એ વાત ખરી છે કે આરોપીએ કોઇ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આરોપીના હાથમા કોઈ હથિયાર જોયેલ નહી. એ વાત ખરી છે કે આરોપીએ કોઈ હથિયારથી ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી.

આમ, આ બન્ને ઈજા પામનાર સાહેદોની જુબાની જોવામાં આવે તો સમગ્ર જુબાની દરમ્યાન હાલના આરોપીએ ફરીયાદી તેમજ સાહેદોને કોઈ ઈજા કરેલ હોય તે બાબતે કોઈ હીકકત જણાવેલ નથી તેમજ સદર સાહેદએ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી. એ વાત ખરી છે કે આરોપીએ કોઇ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આરોપીના હાથમા કોઈ હથિયાર જોયેલ નહી. એ વાત ખરી છે કે આરોપીએ કોઈ હથિયારથી ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી.ત્યારે ઉપરોકત કારણોસર આ

બન્ને સાહેદોની જુબાનીથી ફરીયાદ હકીકત ને પુરતુ સમર્થન મળી શકે છે તેમ માની શકાય નહી.

**(૧૨)** ઉપરોકત ફરીયાદ હકીકતે રજુ મુદામાલનુ પંચનામુ તેમજ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમજ મેડીકલ પ્રમાણપત્ર તેમજ જાહેરનામાને આંકે પાડવા સામે બચાવપક્ષને વાંધો ન હોવા માત્રથી ફરીયાદ હકીકત પુરવાર માની શકાય તેમ નથી. વધુમાં આ કામના ફરીયાદીએ **આંક –૧૯** થી પુરસીસ આપી આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઈ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

નામદાર સુપ્રિમ કોર્ટના **Madan Mohan Abbot Vs. State of punjab [ AIR 2008 SC 1969]** ના ચુકાદામાં પેરા–૫ માં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, We need to emphasize that it is perhaps advisable that in disputes where the question involved is of a purely personal nature, the Court should ordinarily accept the terms of the compromise even in criminal proceedings as Keeping the matter alive With no possibility of a result in favour of the prosecution is a luxury which the Courts, grossly overburdened as they are, cannot afford and that the time so saved can be utilized in deciding more effective and meaningful litigation. This is a common sense approach to the matter based on ground of the technicalities of the law. જયારે તકરારી વિષય સં પૂર્ણપણે વ્યકિતગત હોય ત્યારે જો પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય ત્યારે અદાલતે સામાન્ય સંજોગોમાં સમાધાન ધ્યાને લેવું જોઈએ તથા જયારે કેસમાં ફરીયાદપક્ષની તરફેણમાં ચુકાદો આવવાની કોઈ જ શકયતા ન હોય અને જયારે અદાલતોમાં થયેલ કેસોના ભરાવાને ધ્યાને લઈએ તો અદાલતે આવા કેસો ચાલુ રાખવા યોગ્ય નથી અને અદાલતે આ બચેલ સમય બીજા અસરકારક અને યોગ્ય તકરારી કેસોમાં આપવો જોઈએ. આમ, આ

ચુકાદાને ધ્યાને રાખીને પણ જયારે સદરહુ કેસમાં આરોપી અને ફરીયાદી વચ્ચે સમાધાન થયેલ છે ત્યારે અને ફરીયાદી ફરીયાદપક્ષને કોઈ મદદરૂપ જુબાની આપતા ન હોવાથી અન્ય કોઈ સાહેદોને તપાસવા જરૂરી લાગેલ નથી. વધુમાં નામદાર સુપ્રિમકોર્ટે **'Satish mehra vs. Delhi Administration' (1996 JCC 507),** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, It was held by the Hon'ble Supreme court of India that' when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding of trial, only for the purpose of formally completing the prouncement of the conclusion on a future date if the case ends with acquittal after examine the witness it is better to drop the other witnesses it gains a lot of time of the court and save much human effect and cost and also provide the speedy remedy. આમ, ઉપરોકત નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓને ધ્યાને રાખીને પણ જયારે કેસમાં આરોપીને સજા થવાની કોઈ શકયતાઓ જ રહેલ નથી તેવા સંજોગો મા માત્ર પ્રોસીજર પુરી કરવા સારૂ ટ્રાયલ પુરી કરવી જરૂરી નથી.

**(૧૩)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદી તથા સાહેદો તેમની જુબાનીમાં આરોપીએ ગુનાના તત્વો સાબિત કરવા પુરતો ગાળો આપ્યા હોવાની કે હથિયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદોને ઈજા પહોંચાડેલી હોય તે તમામ અંગે કોઈ હકીકત જણાવેલ હોય તે જણાઈ આવતી નથી તેમજ આરોપીએ કોઈ ધમકી આપેલ છે તેવી હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર સાબિત કરવામાં અસફળ રહેલ હોય. ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં ફરીયાદ હકીકત મુજબ તારાતમ્યતા તથા એકસુત્રતાના અભાવના કારણે ફરીયાદ હકીકત મુજબનો જ બનાવ બનેલ હોય તે બાબતે શંકા ઉત્પન્ન થતી હોય બી. એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી. પી. એકટ-૧

૩૫ મુજબનુ શંકારહિત અનુમાન થઈ શકતુ ન હોય જેથી આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ સાબિત કરવામાં અસફળ રહેલ છે તેમ માનવામાં આવે છે જેથી મુદ્દા નં.(૧)નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.(૨) લગત આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**-: <u>આખરી હુકમ</u> :-**

- આ કામના આરોપી સોરનસિંગ કનૈયાલાલ સિકલીગર, ઉ.વ.૩૯ રહે.વણઝારા,ગ્રાઉન્ડ,સરદારભવન પાસે, નડીયાદ, જી. ખેડા નાઓને તેમની વિરૂદ્ધના બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- અપીલ સમય વિત્યેથી મુદ્દામાલ એક લોખંડની પાઈપનો યોગ્ય નિકાલ કરવો અને જો અપીલ થાય તો અપીલના હુકમને આધીન અમલ કરવો.
- આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકા અપીલ સમય સુધી કાયમી કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ-૦૭'મી,માહે.એપ્રિલ,સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ડાકોર
તા.૦૭/૦૪/૨૦૨૬

**(નરેન્દ્ર કુમાર જોષી)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ડાકોર Code No.GJ01454